ઇ-મેઇલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૧૦૬૬૮-૧૦૧

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૬/૦૮/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ૨૦૨૩-૨૪' વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા બાબત.
સંદર્ભ : અંગત મદદનીશશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રી કાર્યાલયના પત્ર ક્રમાંક:
અં.મ./આ.વિ./શિક્ષણ/૫૮૨૫/૨૩, તા.૧/૮/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ, એન.સી.ઈ.આર.ટી. અને શિક્ષણ વિભાગ ભારત સરકાર અને વિજ્ઞાન ભારતીના સંયુક્ત ઉપક્રમથી રાષ્ટ્રીય કક્ષાની વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા 'વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (વીવીએમ-VVM) ૨૦૨૩-૨૪' કે જે ભારતની સૌથી મોટી સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામ છે, તે યોજાનાર છે. વિદ્યાર્થી વિજ્ઞાન મંથન એ ડિજિટલ એપ્લિકેશન આધારિત પરીક્ષા છે, જે ધોરણ ૬ થી ૧૧ ના વિદ્યાર્થીઓ માટે છે. જે માટે તા.૧૫ જુલાઈ ૨૦૨૩ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન www.vvm.org.in પર રજીસ્ટ્રેશન કરી શકાશે. પરીક્ષા શુલ્ક રૂ.૨૦૦/- છે. આ માટેનું સ્ટડી મટિરિયલ ૧૬ ઓગસ્ટ પછી વેબસાઈટ પર ઉપલબ્ધ થશે. પરીક્ષાની તારીખ ૨૯ ઓક્ટોબર ૨૦૨૩ અથવા તથા 30 ઓક્ટોબર ૨૦૨૩ નાં રોજ સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ દ્વારા તેમના લોગઈન આઈડીથી લોગઈન કરવાનું રહેશે. પરીક્ષાનું પરિણામ ૧૦ નવેમ્બર ૨૦૨૩ ના રોજ જાહેર થશે. વધુ વિગતો www.vvm.org.in પરથી મેળવી લેવાની રહેશે. તથા VVM state co-ordinator ના સંપર્કની વિગતો પત્રમાં જણાવેલ છે.

ઉક્ત પરીક્ષામાં રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જાણ કરવા તેમજ જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

Scanned by CamScanner

ક્રમાંક: અં.મ./આ.વિ./શિક્ષણ/ પ૮૨૫/૨૩

અંગત મદદનીશ

સત્યમેવ જયતે

મંત્રીશ્રી,
આદિજાતિ વિકાસ, પ્રાથમિક,
માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય,
ગુજરાત સરકાર
પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : (ઓ) ૦૭૯-૨૩૨-૫૦૧૨૯/૩
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૦૩૦૬
ઈ-મેઈલ : min-education@gujarat.g

તારીખ :

શ્રીમાન,

વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ૨૦૨૩-૨૪ ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા અંગેની શ્રી જિગ્નેશ બોરીસાગર. સહ સચિવ, વિજ્ઞાન ગુર્જરી, આણંદ દ્વારા માન.મંત્રીશ્રી સમક્ષ કરેલ રજુઆત આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. સદરહુ રજૂઆતની વિગતે, બાળકોમાં કલ્પના શકિત વિકસાવવા અને વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે માટે વિજ્ઞાન ગુર્જરી સંસ્થા દ્વારા ધોરણ-૬ થી ૧૧ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ડિઝીટલ એપ્લીકેશન આધારીત ''વિદ્યાર્થી વિજ્ઞાન મંથન'' પ્રતિભા શોધ પરીક્ષાની માહિતી પ્રાથમિક તથા માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા વિનંતી કરેલ છે.

ઉકત રજૂઆત અંગે નિયમોનુસાર યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા માન.મંત્રીશ્રીની આજ્ઞાનુસાર વિનંતી છે.

(ચિરાગકુમાર પટેલ)

પ્રતિ,
**સચીવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),**
સચિવાલય, ગાંધીનગર.

**નકલ કાર્યવાહી અર્થે:-**

**નિયામકશ્રી,**
પ્રાથમિક શિક્ષણની કચેરી,
બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નિયામકશ્રી,**
શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

RBS PA

Scanned by CamScanner

ગુજરાતઅંKM
ઘીવિજ્ઞાનગુજરાત
નં/૧૧૯૪/ આણંદ, વર્ષ ૨૦૦૯
આનુભદ્રાસંસ્વેદિયાઓમાંથીઅમનેશુભવિચારો
મ."

विज्ञान गुर्जरी

स्वतंत्रता का अमृत महोत्सव

VIGYAN GURJARI
A Gujarat Unit of Vijnana Bharti
Swadeshi Science Movement of Gujarat
Reg. No F/1194 Anand, Year 2009
" According to The Vedas Get Good
Ideas from All Directions"

www. vigyangurjari.org.in

ail:karnavativigyangurjari@gmail.com

પ્રતિ શ્રી,
ડૉ. કુબેરભાઇ ડિંડોર,
માનનીય કેબિનેટ મિનિસ્ટર,
ગુજરાત સરકાર.

**વિષય: વિદ્યાર્થી વિજ્ઞાન મંથન 2023-2024: ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા બાબત**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ NCSM--India, એનસીઇઆરટી શિક્ષણ વિભાગ ભારત સરકાર અને વિજ્ઞાન ભારતીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્ર કક્ષાની વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM )2023 24 યોજવામાં આવનાર છે તે ભારતની સૌથી મોટી સાયન્સ ટેલેન્ટ સર્ચ એક્ઝામ છે
VVM એ બાળકોને વિજ્ઞાન માં માં રસ ઉત્પન્ન કરવા, કલ્પના શક્તિ વિકસાવવા તેમજ વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટતા નું પાલન કરવા અંગે એક માધ્યમ પૂરું પાડે છે. આ સ્પર્ધા ધોરણ ૬થી ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓ માટે છે

વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM ) એક ડિજિટલ એપ્લિકેશન આધારિત પરીક્ષા છે જે ઓનલાઇન લેવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તારીખ 15 જુલાઇ થી 15 સપ્ટેમ્બર 2023 દરમિયાન રજીસ્ટ્રેશન થઇ શકશે. VVM માટેનુ સ્ટડી મટીરીયલ તારીખ 16 ઓગસ્ટ 2023 પછી વેબસાઇટ પર ઉપલબ્ધ થશે. મોક ટેસ્ટ 1 ઓક્ટોબર 23 થી ચાલુ થશે

પરીક્ષાની તારીખ 29 ઓક્ટોબર 2023 અથવા 30 ઓક્ટોબર 2023 ના રોજ સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી વિદ્યાર્થીઓ દ્વારા તેમના લોગીન આઇડી થી લોગીન કરવાનું રહેશે.આ પરીક્ષા નું પરિણામ તારીખ ૧૦ નવેમ્બર 2023 ના જાહેર થશે પરીક્ષા શુલ્ક રૂ. 200 છે વધુ માહિતી vvm.org.in વેબસાઇટ પરથી મળશે. તેમજ VVM State coordinator

1) શ્રી.મનસુખભાઇ નારીયા: 94268 12273

2) શ્રી પંકજભાઇ દરજી: 94290 80492

3) વિધિબેન પટેલ: 7621094436..

નો સંપર્ક કરવાનો રહેશે. વિદ્યાર્થી વિજ્ઞાન મંથન 2023- 24 પરીક્ષામાં સ્વૈચ્છિક રીતે વધુમાં વધુ વિદ્યાર્થીઓને ભાગ લેવા બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક, માધ્યમિક/ઉ મા શાળાઓને આ અંગે જરૂરી સુચના આપવા સાથો જણાવવામાં આવે છે.

જિગ્નેશ બોરીસાગર

સહ સચિવ, વિજ્ઞાન ગુર્જરી

Scanned by CamScanner

ક્રમાંક:મા-૧/વિ.વિ.મં.૨૦૨૩-૨૪/ 1482

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,

સુરત,

તા.૨૯/૦૮/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ,

જિલ્લો-સુરત

જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત. જિ-સુરત

Scanned by CamScanner